ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

GUJARAT COUNCIL ON SCIENCE AND TECHNOLOGY GOVERNMENT OF GUJARAT

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

**Phone** : 0278-2570110, 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org

**અખબારી યાદી** તા:૨૮/૦૫/૨૦૧૬

**પ્રતિ,**
**તંત્રીશ્રી,**

**..............................., ભાવનગર.**

## કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,ભાવનગર દ્વારા
## વિશ્વ પર્યાવરણ દિવસ ની થનાર ભવ્ય ઉજવણી.

દર વર્ષે **૫ મી જૂનના દિવસને વિશ્વ પર્યાવરણ દિવસ** (WORLD ENVIRONMENT DAY) તરીકે ઉજવવામાં આવે છે. જેમાં દર વર્ષે વિશ્વ પર્યાવરણ દિવસની અલગ અલગ થીમ પર વિશ્વ ભરમાં ઉજવણી કરવામાં આવે છે. જેની આ વર્ષની થીમ **વન અને વન્ય જીવોનો ગેરકાયદેસર વ્યાપાર માટે શુન્ય સહિષ્ણુતા (Zero Tolerance For The Illegal Wildlife Trade)** છે. જેના અનુસંધાને કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા વિવિધ કાર્યક્રમોનુ આયોજન થનાર છે.

ઉપરોકત માહિતી અનુસાર **વિશ્વ પર્યાવરણ દિવસ** અંર્તગત **વન અને વન્ય જીવોનો ગેર કાયદેસર વ્યાપાર માટે શુન્ય સહિષ્ણુતા (Zero Tolerance For The Illegal Wildlife Trade)** વિષય પર નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે.જેમાં વ્યકિતએ જાતેજ **A4** સાઈઝના કાગળમાં ગુજરાતી, હિન્દી, અંગ્રેજી ભાષામાં નિબંધ લખી કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર પર તા.૩ જૂન, ૨૦૧૬ સુધીમાં સવારે ૧૦:૦૦ કલાક થી સાંજે ૬:૦૦ કલાક દરમ્યાન નિબંધ રૂબરૂ જમા કરાવવાનો રહેશે. નિબંધમાં વન્ય જીવન અને કાયદાઓ, વન્ય જીવ સૃષ્ટિનું સંરક્ષણ અને વન્ય પ્રાણીઓના રક્ષણ માટે આમ જનતાનો ફાળો વગેરે મુદ્દાઓ નિર્ણાય કરતા જોવામાં આવશે. જેમાં પ્રથમ (રૂ. ૫૦૦/–), દ્વિતીયે (રૂ.૩૦૦ /–) અને તૃતિય (રૂ.૧૫૧) ક્રમે આવનાર વિજેતાને ૫ જૂન,૨૦૧૬ વિશ્વ પર્યાવરણ દિવસના રોજ રોકડ રકમથી પુરસ્કૃત કરવામાં આવશે. આ ઉપરાંત સ્પર્ધામાં ભાગ લેનાર તમામ સ્પર્ધકોને પ્રમાણપત્ર અને ભેટ આપી પ્રોત્સાહીત કરવામાં આવશે.

તા. ૫ જુનના દિવસે **વન બચાવો,વન્ય સૃષ્ટિ બચાવો (Save Forest and Save Wild Life )** પર ચિત્ર સ્પર્ધાનું આયોજન થનાર છે. ચિત્ર સ્પર્ધા કુલ ત્રણ વિભાગમાં યોજાશે. જેમાં પ્રથમ વિભાગમાં ૧ થી ૧૩ વર્ષના બાળકો, બીજા વિભાગમાં ૧૪ થી ૨૦ વર્ષના બાળકો અને ત્રીજા વિભાગમાં ૨૧ વર્ષથી ઉપરના વ્યકતિઓ ભાગ લઈ શકશે. દરેક વિભાગમાં પ્રથમ, દ્વિતીય અને તૃતિય ક્રમે આવનાર વિજેતાને અનુક્રમે રૂ. ૫૦૦/–, રૂ.૩૦૦ /– અને રૂ.૧૫૧ રોકડ રકમથી પુરસ્કૃત કરવામાં આવશે. સ્પર્ધા માં ભાગ લેનાર તમામ સ્પર્ધકોને પ્રમાણપત્ર અને ભેટ આપી પ્રોત્સાહીત કરવામાં આવશે. દરેક સ્પર્ધકને ડ્રોઈંગશીટ સ્થળ પર લોક વિજ્ઞાન કેન્દ્ર દ્વારા આપવામાં આવશે. ચિત્ર સ્પર્ધામાં ઉપયોગી અન્ય જરૂરીયાતની વસ્તુઓ સ્પર્ધકે સાથે લાવવાની રહેશે. ચિત્ર સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છુક વ્યકિતઓ એ સવારે ૧૦:૦૦ થી સાંજે ૬:૦૦ દરમ્યાન તા. ૦૪/૦૬/૨૦૧૬ સુધીમાં પોતાનું રજીસ્ટ્રેશન કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર પર ફોન (૨૫૭૦૧૧૧/૧૧૦) અથવા રૂબરૂ કરાવી લેવાનું રહેશે.

(હર્ષદ જોષી)
ઓફિસ ઈન્ચાર્જ,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર.